ગાંધીનગર સમાચાર

# વારાણસીમાં ૨૫ હજારથી વધુ સુરક્ષા જવાન તૈનાત



## આજના મતદાનને લઇને વારાણસી છાવણીમાં : કોઇ પણ અનિચ્છનીય બનાવ હાઇ પ્રોફાઇલ બેઠક પર ન બને તેને લઇ ફ્લેગ માર્ચ : લોખંડી સલામતી વ્યવસ્થા

નવી દિલ્હી,તા. ૧૧

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી જે બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે તે વારાણસીમાં આવતીકાલે સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને પહેલાથી જ સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવી દેવામાં આવી છે.મળેલી માહિતી મુજબ ૨૫,૦૦૦ જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. વારાણસીમાં હાઈ પ્રોફાઈલ સ્પર્ધા જોવા મળી રહી છે. વારાણસીમાં માઓવાદીગ્રસ્ત બેઠક કરતા પણ વધારે જવાનો તેનાત કરવામાં આવી રહ્યા છે. આની બિલકુલ વિરુદ્ધમાં નક્સલવાદીગ્રસ્ત બસ્તર મતવિસ્તારમાં ૧૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાયું હતુ. એ વખતે ત્યાં ૨૫૦૦૦થી વધારે અર્ધલશ્કરી જવાનો તેનાત કરાયા ન હતા. ચૂંટણી પંચના સુત્રોએ કહ્યું છે કે સુરક્ષા અધિકારીઓની સાથે સાથે અહીં તમામ જગ્યાએ જવાનો રહેશે. દરેક પોલિંગ લોકેશન પર કેન્દ્રિય દળ પણ તૈનાત રહેશે. ડેપ્યુટી ઈલેક્શન કમીશનર વિનોદ ઝુત્સીએ કહ્યું હતું કે વારાણસીમાં સુરક્ષા સૌથી વધારે રહેશે. મોટી સંખ્યામાં જવાનો પહેલા જ પહોંચી ચુક્યા છે. અને તેનાત કરવામા આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં પાંચમા તબક્કામાં મતદાન થયા બાદ અહીં સુરક્ષા સતત વધારી દેવામાં આવી છે.હવે આવતીકાલે ૧૨મી મેના દિવસે દરેક મતદાન મથક પર વિડિયોગ્રાફી કરવામાં આવનાર છે. ગેરરિતીની અગાઉ વ્યાપક ફરિયાદ થઈ હતી. જેથી આ વખતે ખાસ સુરક્ષા રાખવામાં આવનાર છે. સુરક્ષા જવાનો ઉપરાંત ખાનગી સુરક્ષા જવાનો પણ તૈનાત કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા વિડિયો ગ્રાફી ઉપરાંત સીસીટીવી કવરેજ, વેબકાસ્ટિંગ જેવા પગલા પણ લેવાયા છે. મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા ગોઠવવામાં આવેલી સુરક્ષા ઉપરાંત અન્ય વ્યવસ્થા પણ કરાશે. વારાણસી બેઠક દરેક માટે ખાસ છે. કારણ કે અહીંથી મોદી મેદાનમાં છે.

# આજે મતદાન બાદ તરત જ એગ્ઝિટ પોલ જારી થશે

## તમામ ટીવી ચેનલો સાંજે પ્રસારણ કરશે : એગ્ઝિટ પોલના તારણોને લઇને તમામ પક્ષોમાં ઉત્સુકતા

નવી દિલ્હી, તા.૧૧

લોકસભાની ચૂંટણીના અંતિમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાયા બાદ તમામ ટીવી ચેનલો તેમના એગ્ઝિટ પોલના તારણો પ્રસારિત કરનાર છે. જેમાં કેન્દ્રમાં આગામી સરકાર કોણ બનાવશે તેને લઈને લોકોને સંકેત આપવામાં આવશે. કોઈ પણ ચૂંટણી બાદ હમેંશા એગ્ઝિટ પોલના તારણો પર રાજકીય પક્ષોની નજર રહે છે. કારણ કે આનાથી દિશા નક્કી થયા છે. જો કે આવતીકાલે તમામ ટીવી ચેનલો દ્વારા રજૂ કરવામાં આવનાર એગ્ઝિટ પોલના તારણો કેટલા સાચા સાબિત થાય છે તે બાબત ૧૬મી મેના દિવસે મતદાન બાદ નક્કી થશે. એગ્ઝિટ પોલના તારમો કેટલીક વખત ખોટા પણ સાબિત થયા છે. આ વખતે હજુ સુધી જેટલા પણ ઓપિનિયન પોલ અને સર્વે કરવામાં આવ્યા હતા તેમાં ભાજપના નેતૃત્વમાં એનડીએની સ્થિતી મજબુત દર્શાવવામાં આવી હતી. જેથી ભાજપના કાર્યકરો અને નેતાઓમાં ભારે ઉત્તેજના દેખાઇ રહી છે. તમામ ટીવી ચેનલો દ્વારા પહેલાથી જ આની તૈયારી કરી લેવામાં આવી છે. ક્યાં રાજ્યમાં કોણ બાજી મારશે તે પણ આવતીકાલે જાણી શકાશે

# લોકસભા પ્રક્રિયા ૩૫ દિવસ ચાલી ઈતિહાસમાં સૌથી ઉંચુ મતદાન થયું ચુક્યું

## અંતિમ ૮ તબક્કામાં ૬૬ ટકા મતદાન થયું

નવીદિલ્હી, તા.૧૦

લોકસભાની લાંબી અને મેરોથોન કવાયત આવતીકાલે અંતિમ તબક્કાના મતદાનની સાથે જ પરિપૂર્ણ થશે. આવતીકાલે ત્રણ રાજ્યોને



આવરી લેતી ૪૧ બેઠકો ઉપર મતદાન થનાર છે. લોકસભાની તમામ ૫૪૩ બેઠકો ઉપર મતગણતરી ૧૬મી મેના દિવસે થનાર છે. હજુ સુધી આઠ તબક્કામાં મતદાન થઈ ચુક્યું છે જે પૈકી સરેરાશ ૬૬ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. સમગ્ર લોકસભાની પ્રક્રિયા ૩૫ દિવસ સુધી ચાલી રહી છે. લોકસભાની ચૂંટણીમાં આ વખતે રેકોર્ડ મતદાનની શક્યતા દેખાઈ રહી છે. ૧૯૮૪માં થયેલા સૌથી ઉંચા મતદાનના રેકોર્ડ તુટી ચુક્યા છે. કારણ કે હજુ સુધી ૫૦૨ લોકસભા બેઠક ઉપર ૬૬.૨૭ ટકા મતદાન થઈ ચુક્યું છે. સાતમી એપ્રિલના દિવસે લોકસભાની લાંબી કવાયતના ભાગરુપે પ્રથમ તબક્કામાં મતદાનની શરૂઆત થઈ હતી. વર્ષ ૨૦૦૯માં લોકસભાની ચૂંટણીમાં ૫૭.૯૪ ટકા મતદાન થયું હતુ જે સૌથી ઉંચુ મતદાન હતું. પરંતુ આ વખતે આનાથી પણ ઉંચુ મતદાન નોંધાયું છે. ઉંચા મતદાન માટે ઘણા બધા પરિબળો જવાબદાર રહ્યા છે જેમાં ચૂંટણી પંચની ભૂમિકા, રાજકીય પક્ષોની સક્રિય ભૂમિકા, યુવા મતદારોનો સમાવેશ થાય છે. ઉપરાંત જનજાગૃતિ ઝુંબેશ પણ ચલાવવામાં આવી હતી તેનો પણ ફાયદો થયો છે. આ વખતે કેટલીક જગ્યાઓએ ૮૦ ટકાથી પણ વધુ મતદાન થયુંછે. પશ્ચિમ બંગાળમાં ૮૦ ટકા ઉપર મતદાન અગાઉના તબક્કામાં થયા બાદ આ વખતે પણ બાકીની બેઠકમાં ઉંચા મતદાનની શક્યતા છે. ઉત્તરપ્રદેશમાં ૧૮ બેઠક ઉપર આવતીકાલે મતદાન યોજાનાર છે જે પૈકી સપા છ, બસપ પાંચ, ભાજપ ચાર, અને કોંગ્રેસ ત્રણ બેઠક ધરાવે છે જેથી તમામ પક્ષો વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે. કોના ગઢમાં કેટલા ગાબડા પડે છે તે મહત્વપૂર્ણ છે.

# કયા કયા દિગ્ગજોના ભાવિનો ફેંસલો

નવીદિલ્હી, તા.૧૧

લોકસભાની ચૂંટણી માટે આવતીકાલે અંતિમ તબક્કામાં મતદાન યોજાનાર છે. આને લઈને તમામ રાજકીય પક્ષો સજ્જ છે. આવતીકાલે ૪૧ બેઠકો ઉપર મતદાન યોજાનાર છે જેમાં કુલ ૬૦૬ ઉમેદવારો તેમના ભાવિ અજમાવી રહ્યા છે. તમામ પાર્ટીઓ છેલ્લી ઘડીની તાકાત લગાવી ચુકી છે. ચૂંટણી પ્રક્રિયા શરૂ થયા બાદથી હજુ સુધી થયેલી ચૂંટણી પૈકી આવતીકાલે યોજાઈ રહેલી ચૂંટણી સૌથી હાઈપ્રોફાઇલ બની રહે તેવી શક્યતા છે. કારણ કે આ વખતે વારાણસી બેઠક ઉપર ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, એએપીના નેતા અરવિંદ કેજરીવાલુ પણ મેદાનમાં છે. અનેક મોટા થાના ભાવિ પણ આમા સીલ થનાર છે. લોકસભાની ચૂંટણીમાં આ વખતે સ્પર્ધા ખુબ જ જોરદાર દેખાઈ રહી છે. લોકસભાની ચૂંટણીના અંતિમ તબક્કા માટે પ્રચારનો અંત આવી ગયા બાદ ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. કારણ કે તમામ પાર્ટીના રોડ શોમાં મોટી સંખ્યામાં મતદારો ઉમટી પડ્યા હતા જેથી કોની જીત થશે તે કહેવું ખુબ જ મુશ્કેલ છે. અંતિમ તબક્કામાં કયા મહારથી મેદાનમાં છે નીચે મુજબ છે.

| દિગ્ગજ ઉમેદવાર | બેઠક |
| --- | --- |
| નરેન્દ્ર મોદી | વારાણસી |
| અરવિંદ કેજરીવાલ | વારાણસી |
| અજય રાય | વારાણસી |
| મુલાયમસિંહ યાદવ | આઝમગઢ |
| અસીમ દાસગુપ્તા | ડમ ડમ |
| અધીર રંજન ચૌધરી | બહેરામપુર |
| જંગદમ્બિકા પાલ | ડોમારિયાગંજ |
| આરપીએન સિંહ | કુશીનગર |
| રઘુનાથ પ્રસાદ સિંહ | વૈશાલી |

# વારાણસી બેઠક પર આજના મતદાનને લઈ ભારે ઉત્સુકતા

## વારાણસીમાં ૧૬ લાખથી પણ વધારે મતદારો : નરેન્દ્ર મોદી, કેજરીવાલ, અજય રાય જેવા દિગ્ગજ પૈકી મતદારો કોની પસંદગી કરશે તેને લઈને જોરદાર સસ્પેન્સ

નવી દિલ્હી,તા. ૧૧

હાઈ પ્રોફાઈલ વારાણસી બેઠક પર પણ આવતીકાલે લોકસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. વારાણસીમાં ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, એએપીના ઉમેદવાર અરવિન્દ કેજરીવાલ અને કોંગ્રેસના અજય રાય મેદાનમાં છે. આવતીકાલે અહીં મતદારો કોની તરફેણમાં મતદાન કરશે તેને લઈને ભારે ઉત્સુકતા છે. અહી કેટલા ટકા મતદાન થશે તેના પર પણ નજર રહેશે. મોદીએ ઉત્તરપ્રદેશની વારાણસી બેઠક પરથી ચૂંટણી લડવાનો નિર્ણય કર્યા બાદથી વારાણસી ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે. વારાણસી સાથે ઘણા ઈતિહાસ જોડાયેલા છે. ૧૬ લાખની વસતી ધરાવતા વારાણસી વિશ્વના સૌથી પ્રાચીન શહેરો પૈકીના એક છે. અહીં મતદારોની સંખ્યા સત્તાવાર આંકડા મુજબ ૧૬ લાખની છે. મુસ્લિમો બાદ પટેલ (કુર્મી) સમુદાયના લોકો પણ ખુબ મોટી સંખ્યામાં છે. આવા લોકોની સંખ્યા બે લાખથી વધારે છે. આવી જ રીતે બ્રાહ્મણ, વૈશ્ય, યાદવ અને દલિત સમુદાયના લોકોની સંખ્યા પણ ખુબ વધારે છે. ઓબીસી મતદારોની સંખ્યા પણ ખુબ વધારે છે. ગુજરાતી લોકોની ભૂમિકા પણ ખુબ મહત્વપૂર્ણ બની ગઈ છે. ઈતિહાસ અને ભુગોળની દષ્ટિએ વારાણસી હંમેશા ભાજપની છેલ્લી છ લોકસભા બેઠક પૈકી પાંચમાં ભાજપની જીત થઈ છે. ૨૦૦૪માં એક માત્ર કોંગ્રેસના રાજેશકુમાર મિશ્રાની જીત થઈ હતી. પાંચ રાજ્યસભાની બેઠકો પૈકી ભાજપની અહીં ત્રણ બેઠકો છે. વારાણસીની બેઠક બનવા માટે પાંચ વિધાનસભાની બેઠક સામેલ થાય છે.

### વારાણસીમાં મતદારો

આવતીકાલે જ્યાં મતદાન યોજાનાર છે તે વારાણસીમાં ૧૬ લાખ મતદારો રહેલા છે. જેમાં તમામ સમુદાયના મતદારોનો સમાવેશ થાય છે. કયા સમુદાયના કેટલા મતદારો અહીં રહેલા છે તેની વાત કરવામાં આવે તો પણ ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે. મુસ્લિમ સમુદાયના મતદારો પણ ખુબ મોટી સંખ્યામાં છે. કયા સમુદાયના કેટલા મત છે તે નીચે મુજબ છે.

| જાતિ | મતદારોની સંખ્યા |
| --- | --- |
| બ્રાહ્મણ | બે લાખ |
| વૈશ્ય | બે લાખ |
| યાદવ | એક લાખ |
| દલિત | એક લાખ |
| ઓબીસી | બે લાખ |
| અન્ય | આઠ લાખ |


# રાજનાથસિંહની ભાગવતની સાથે લાંબી ચર્ચા

## નરેન્દ્ર મોદીએ વાતચીત કર્યા બાદ સંઘના વરિષ્ઠ સભ્યો સાથે રાજનાથની બે કલાક વાતચીત : બંધ બારણે મિટિંગમાં ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા થઇ

નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસે સંઘ પ્રમુખ મોહન ભાગવત સાથે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની બેઠકને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ આજે કહ્યું હતું કે, મોદી રિમોટ કન્ટ્રોલની વાત કરે છે પરંતુ સંઘ પ્રમુખ સાથે તેમની મુલાકાત દર્શાવે છે કે, મોદીના રિમોટ સંઘના હાથમાં છે. આશરે ૧૧ કલાકના ગાળામાં એક પછી એક ભાજપના બે ટોચના નેતાઓ સંઘના પ્રમુખને મળી ચુક્યા છે. લોકસભા ચૂંટણી માટે પ્રચારનો અંત આવી ગયા બાદ શનિવારે રાત્રે મોદી સંઘ પ્રમુખ મોહન ભાગવતને મળ્યા હતા જ્યારે આજે પક્ષ પ્રમુખ રાજનાથસિંહ દિલ્હી સ્થિત ઝંડેવાલાન સ્થિતિ સંઘ કાર્યાલય પહોંચી ગયા હતા. ૧૬મી મેના ચૂંટણી પરિણામોને લઈને ચર્ચા વિચારણા થઈ હોવાનું જાણવા મળ્યું છે. મોદીએ ગઈકાલે રાત્રે મોહન ભાગવત અને અન્ય નેતાઓ સાથે વાતચીત કરી હતી. સંઘની ઓફિસમાં સરસંઘ ચાલક મોહન

ભાગવતની સાથે ભૈયાજી જોશી અને સુરેશ સોની પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક આશરે બે કલાક સુધી ચાલી હતી. સૂત્રોએ કહ્યું છે કે, ભાવિ રણનીતિ ઉપર ચર્ચા વિચારણા થઈ હતી. ભાજપ નેતાઓ અને સંઘના લોકો વચ્ચે વાતચીતનો સિલસિલો રોકાયો નથી. રાજનાથસિંહ પણ આજે સવારે પહોંચ્યા હતા. આરએસએસ નેતા ભૈયાજી જોશી અને સુરેશ સોની આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ બંધ બારણે આ બેઠક યોજાઈ હતી જે બે કલાક સુધી ચાલી હતી. સંઘની ઓફિસમાંથી બહાર





નિકળતી વેળા રાજનાથસિંહે કોઈ માહિતી આપી ન હતી. માત્ર એટલું જ કહ્યું હતું કે, આ મુલાકાત માત્ર આભાર વ્યક્ત કરવા માટે હતી. સંઘના લોકોએ પણ આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.

### ઇચ્છા છે... (પાના નં. ૪નું ચાલું...)

અમેરિકાનાં ટેનેસી પ્રાંતની રહીશ હતી.

નાનપણમાં જ એચ.જી. વેલ્સનો એક પગ તૂટી ગયો. લોકો તેમની દયા ખાતા. એમની દુર્ભાગી કહેતા અને એમનું ભવિષ્ય અંધકારમય છે તેમ કહેતા. જી.એચ. વેલ્સે કોઇની વાત તરફ ધ્યાન ન આપ્યું. માત્ર આગળ વધવાના ઉપાયો જ વિચારતા હતા... અને વાર્તાઓ લખતા રહ્યા. દુનિયાના શ્રેષ્ઠ સાહિત્યકાર બનવાનું તેમનું સ્વપ્ન પૂરું થયું. તેમની સાહિત્યકૃતિઓ વિશ્વભરમાં બેજોડ ગણાવા લાગી. પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પણ માર્ગ કાઢી શકવાની શક્તિ... એમની ઇચ્છાશક્તિ જ માત્ર એમની સિદ્ધિનું કારણ હતું.

સુબોધરાયનો જન્મ પશ્ચિમ બંગાળમાં થયો. સાત વર્ષની ઉંમરે એક દિવસ સૂતાં સૂતાં જ એમની નેત્રજયોતિ ચાલી ગઇ. એમણે નિશ્ચિય કર્યો કે હવે જ્ઞાનચક્ષુઓનો ઉપયોગ કરીશ. અંધ વિદ્યાર્થીઓનાં વિદ્યાલયમાં દાખલ થયા અને એક પછી એક પરિક્ષા પાસ કરતા રહ્યા. એમ.એ.ની ડિગ્રી પણ પ્રથમ શ્રેણીમાં પ્રાપ્ત કરી. છાત્રવૃત્તિ મળતાં ઇંગ્લેન્ડ-અમેરિકા ભણવા ગયા. તેમની કુશાગ્ર બુદ્ધિથી પ્રભાવિત થઇ એક બંગાળી સ્ત્રીએ તેમની સાથે લગ્ન કર્યા. સુબોધરાયે પીએચ.ડી.ની પદવી પણ પ્રાપ્ત કરી. એમણે પોતાનું આંખુ જીવન અંધજનોને ભણાવવામાં તેમ જ તેમના કલ્યાણની સંસ્થાઓ ચલાવવામાં સમર્પિત કરી દીધું.

હાથ, પગ કે આંખ જેવા અવયવોની ક્ષતિપૂર્તિ કરવાની જોરદાર તાકાત ઇચ્છાશક્તિમાં રહેલી છે. સાધારણને અસાધારણ બનાવવાની શક્તિ ઇચ્છાશક્તિમાં છે. ધૂમકેતુએ સુંદર શબ્દોમાં કહ્યું છે, "કાં અસાધારણ થજે, અથવા નામોનિશાનથી ટળી જજે. સૌના જેનો સાંજે સૂનારો ને સવારે ઊઠનારો જ આદમી ન રહેતો..."

આપણે બધા પણ શું આપણી ઇચ્છાઓને ઇચ્છાશક્તિથી જ સજાવી શકીએ? આપણી બધા પ્રકારની ઇચ્છાઓનું લક્ષ્ય કે ગંતવ્ય શું સમષ્ટિ અને સૃષ્ટિનું હિત ન હોઇ શકે?

કેવળ ઇચ્છાઓ કરીને બેસી ન રહીએ. ચાલો, ઇચ્છાશક્તિથી આપણા વ્યક્તિત્વને વિભૂષિત કરીએ.

સાથે ચાલવા બદલ ધન્યવાદ.

### રસ્તે રઝળતી વાર્તા (પાના નં. ૪નું ચાલું...)

- માતાના બલિદાનનો બદલો આજ સુધી કોઇ જ માનવ બળ ચૂકવી શક્યા નથી.
- માતૃભાષા, માતૃભૂમિ અને માનો કોઇ વિકલ્પ નથી.
- માતાની મમતાથી મોટું કોઇ મયૂરાસન માનવજાત પાસે નથી. તે જયારે પહેલો શ્વાસ લીધો ત્યારે માતા મારી પાસે હતી. હવે માતા છેલ્લો શ્વાસ લે ત્યારે સાથ નિભાવશે.
- માતાનો પ્રથમ મહાન ગુણ છે, એ ઉપકાર કરીને બોલતી નથી.
- માતા હંમેશા આશાવાદી હોય છે. આખા કુંટુંબે અને સમાજે જે છોકરા માટે હાથ ધોઇ નાખ્યા હશે અને માટેય માતા નિરાશ થતી નથી. 'મારો દીકરો જરૂર સુધરશે' એવી શ્રદ્ધા એ રાખે છે.
- મીઠા મધુ ને મીઠા મોરલા
  એથી મીઠી તે મોટી માત,
  જનનીની જોડ સખી, નહીં જડે રે લોલ
  (બોટાદકર)
- અડસઠ તીરથ માના ચરણોમાં બીજા તીરથ ના કરશો.
- સંસારની બે કરૂણા, મા વિનાનું ઘર, અને ઘર વિનાની મા.
- દોઢ કિલો દૂધી ચાર કલાક ઊંચકીને ઊભે રહેતો તારો હાથ દુઃખી જાય છે તો... તને નવ નવ મહિના માતાએ ઉદરમાં ઊંચક્યો હતો તેનો વિચાર જરૂર કરજે.
- બાળપણમાં જે દીકરાને માએ બોલતાં શીખવ્યું હતું એ જ દીકરા ઘડપણમાં માને ચૂપ રહેવાનું ફરમાવે એના જેટલી કરૂણ સ્થિતિ કઇ?
- બાળપણમાં ગોદ દેનારે ઘડપણમાં દગો દેનાર ન જ બનશો.

સંદર્ભ :- વુમન ગાર્ડિયનની પૂર્તિ

# વારાણસી બેઠક પર મુસ્લિમ મતદારોની ભૂમિકા ચાવીરૂપ

## અઢી લાખથી પણ વધારે મુસ્લિમ મતદારો છે : મુસ્લિમ મતદારો હમેંશા કોંગ્રેસ, સપા તેમજ બસપાની તરફેણમાં રહ્યા છે : ઉંચા મતદાનની ખાતરી કરવા પ્રયાસ

વારાણસી,તા.૧૧

વારાણસી બેઠક પર મોદીના નામની જાહેરાત કરવામાં આવ્યા બાદથી તર્કવિતર્કોનો દોર ચાલી રહ્યો છે. નવા સમીકરણોના સંકેત દેખાઈ રહ્યા છે. વારાણસીમાં મુસ્લિમ મતદારોની સંખ્યા આશરે



અઢી લાખ જેટલી છે. મોદીના વિરોધીઓની નજર હવે આ મત બેંક ઉપર છે. અરવિંદ કેજરીવાલ મોદી સામે મેદાનમાં ઉતરવાની તૈયારીમાં છે. મુરલી મનોહર જોશીના સમર્થન મોદીને ટિકિટ મળતાં નાખુશ દેખાઈ રહ્યા છે. આઝાદીના છ દશક બાદ પણ ખૂબ જ ખરાબ હાલત વારાણસીની રહેલી છે આવી સ્થિતિમાં હવે મોદી સામે વધુ અપેક્ષા રાખી રહ્યા છે. વારાણસીમાં કેટલાક મુદ્દા રહેલા છે જેમાં વિકાસ, વિજળીમાં કાપ, ગંગા નદીની સફાઈનો સમાવેશ થાય છે. મોદીના નામ ઉપર ભાજપ સરકાર જોરદાર રીતે આગળ વધવાની તૈયારીમાં છે. આ વખતે ચૂંટણી ઘણી રીતે જુદી પ્રકારની છે. મોદીની સામે પૂર્વાંચલના શક્તિશાળી મુક્તાર અંસારી પણ મેદાનમાં છે. ભાજપને કેટલાક લોકોને બાદ કરતા સવર્ણ મતદારોનો પણ ટેકો છે. અહીં ત્રણ પ્રકારના મતદારો છે જે પૈકી પહેલા ભાજપના પરંપરાગત મતદારો, બીજા ક્ષત્રિય મતદારોનો સમાવેશ થાય છે. આ લોકો જુદી જુદી પાર્ટીને મત આપે છે. કેટલાક મતદારો પરંપરાગત કોંગ્રેસના મતદારો છે. નરેન્દ્ર મોદીને અહીં જોરદાર [redacted]મનો કરવો પડી શકે છે. પરંપરાગ[redacted]ખવા માટે તમામ ત્રણેય પાર્ટી તૈય[redacted]ણ કે આ વખતે દરેક સમુદાયના [redacted] આપવાના લઈને વિભાજિત[redacted]

### ભારતીય ચોકીઓ પર પાકનો ફરી ગોળીબાર

જમ્મુ,તા. ૧૧

પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં અઁકુશ રેખા ઉપર ભારતીય ચોકીને ટાર્ગેટ બનાવીને આજે ગોળીબાર કર્યો હતો. અંકુશ રેખા ઉપર યુદ્ધ વિરામના ભંગનો સિલસિલો પાકિસ્તાન દ્વારા જારી રાખવામાં આવ્યો છે. પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યા બાદ ભારતીય સૈનિકોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. છેલ્લા પખવાડિયાની અંદર પાકિસ્તાની સૈનિકો દ્વારા પાંચમી વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. પાકિસ્તાની સૈનિકોએ પૂંચ જિલ્લાના નાન્ગીટેકરી વિસ્તારમાં અંકુશ રેખા ઉપર ભારતીય ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. સંરક્ષણ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરાયા હતા. સરહદ ઉપર ફરજ બજાવતા ભારતીય સૈનિકોએ પણ જવાબી કાર્યવાહી કર[redacted]. કલાકો સુધી સામસામે ગોળીબ[redacted]લ્યો હતો. પાકિસ્તાની સૈનિકો[redacted] હાલના સમયમાં વારંવાર યુદ્ધ[redacted]મનો ભંગ કરીને ગોળીબાર કરવ[redacted]આવ્યો છે.